પરિચય વિભાગ By www.tethtatguru.com

ગુજરાતી સાહિત્યકારો પરિચય પાર્ટ-૪

www.tethtatguru.com

# સુંદરમ્

**સુંદરમ્** એ ગુજરાતી સાહિત્યનું એક જાણીતુ નામ છે. એમનું આખું નામ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર હતું. તેઓ ગાંધીઆશ્રમમાં એમને મળેલા હુલામણા નામ *બાલાસુંદરમ્* શબ્દમાંથી પાછલો ટુકડો સુંદરમ્ ઉપનામ (તખલ્લુસ) તરીકે સ્વીકાર્યો હતો. તેઓ ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના કવિ છે.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાનાં મિંયામાતર ગામે ૨૨ માર્ચ ૧૯૦૮ના રોજ પુરુષોત્તમદાસ લુહારને ઘેર જન્મેલા કવિશ્રી સુંદરમે 'કોયા ભગતની કડવી વાણી', 'કાવ્યમંગલા', 'યાત્રા', 'વસુધા' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે, જે પૈકીના કાવ્યમંગલા માટે એમને રણજીતરામ સુવર્ણચંદ્રક પણ પ્રાપ્ત થયો હતો. તેઓનું અન્ય એક ઉપનામ 'કોયા ભગત' પણ હતું.

નામ : ત્રિભુવનદાસ લુહાર
ઉપનામ : કોયા ભગત, સુંદરમ્
જન્મ : માર્ચ ૨૨, ૧૯૦૮; મિંયામાતર ( જિ. ભરૂચ)
અવસાન : જાન્યુઆરી ૧૩, ૧૯૯૧
પિતા – પુરુષોત્તમદાસ લુહાર

## જીવન ઝરમર

- ગાંધીયુગના ફિલસુફ કવિ અને સાધક
- સુંદરમ્ - ઉમાશંકરની જોડી ગણાતી
- અભ્યાસ છોટુભાઈ પુરાણીની આમોદની શાળામાં
- ભરૂચમાં સુપ્રસિદ્ધ વિવેચક વિશ્વનાથ મગનલાલ ભટ્ટના વિદ્યાર્થી
- ‘સાબરમતી’ ના તંત્રી
- ૧૯૬૯- ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ
- ૧૯૪૫ - શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં સહકુટુંબ સ્થાયી થયા
- અરવિંદ આશ્રમ - પોંડિચેરી ના ગુજરાતી ત્રિમાસિક ‘દક્ષિણા’ ના તંત્રી

ટેટ.એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી કરવા www.tethtatguru.com ની નિયમિતિ મુલાકાત લેતા રહો.

- યુવાન વયમાં સાવ નાસ્તિક એવા કોયા ભગતની કડવી વાણી [ હવે હરિ વૈકુંઠ જાઓ ] થી શરુ થયેલી અને મધ્યમાં થોડી શ્રધ્ધાયુક્ત બનેલી [ તને નમું , પત્થરને ય હું નમું - ૧૯૩૯ ] જીવનયાત્રા શ્રધ્ધા થી છલકતી યોગ્ય વ્યક્તિની કેવળ પૂજામાં [ શ્રી અરવિંદ! શ્રી અરવિંદ ! હૃદય હૃદય, શ્રી અરવિંદ - ૧૯૬૭ ] સમર્પિત થઇ

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com  ની મુલાકાત લો.

## મુખ્ય રચનાઓ

- કાવ્યસંગ્રહો – કોયા ભગવતની કડવી વાણી, કાવ્યમંગલા, વસુધા, યાત્રા,
- બાલ કાવ્યો - રંગ રંગ વાદળિયાં
- નવલકથા - પાવકના પંથે
- વાર્તાસંગ્રહો - હીરાકણી અને બીજી વાતો, ખોલકી અને નાગરિકા, પિયાસી, ઉન્નયન, તારિણી
- ચરિત્ર - શ્રી અરવિંદ મહાયોગી
- નિબંધ - ચિદંબરા, સા વિદ્યા
- પ્રવાસ - દક્ષિણાયન * નાટ્યસંગ્રહ – વાસંતી પૂર્ણિમા
- વિવેચન – અર્વાચીન કવિતા, અવલોકના, સમર્ચના, સાહિત્યચિંતન
- અનુવાદ -
    - આશ્રમ જીવન પહેલાં - ભગવદજ્જુકીયમ્ , મૃચ્છકટિક, કાયાપલટ, પરબ્રહ્મ
    - શ્રી. અરવિંદ ઘોષ - મહાકાવ્ય ‘સાવિત્રી’, ઉત્તરપાડા વ્યાખ્યાન, યોગ અને તેનું લક્ષ્ય, પૂર્ણ યોગનું તત્વ જ્ઞાન, સ્વપ્ન અને છાયઘડી, વિદેહીઓના વાર્તાલાપો
    - માતાજી - ભાવિ તરફ, ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ, સુંદર કથાઓ, અતિમાનસ, આદર્શ બાળક

## સન્માન

- ૧૯૩૪- રણજિતરામ સુવર્ણ ચન્દ્રક
- ૧૯૪૬- મહીડા પારિતિષિક
- ૧૯૫૫ - નર્મદ સુવર્ણ ચન્દ્રક
- ૧૯૬૮- સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર
- ૧૯૮૭ - ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સન્માન
    - **સુન્દરમ્ નું સાહિત્યસર્જન તેમજ કૃતિઓ**
    - કવિતા:- કોયા ભગતની કડવી વાણી, ગરીબોના ગીતો, કાવ્યમંગલા, રંગરંગ વાદળિયાં, વસુધા, યાત્રા, વરદા, મુદિતા, ઉત્કંઠા, અનાગતા, લોકલીલા, ઇશ, પલ્લવિતા, મહાનદ, પ્રભુ પદ, અગમ નિગમા, નિત્યશ્લોક, ચક્રદૂત, ધ્રુવ યાત્રા
    - ટૂંકી વાર્તા:- હીરાકણી અને બીજી વાતો, ખોલકી અને નાગરિકા, પિયાસી, ઉન્નયન, તારિણી, પાવક્ના પંથે
    - પ્રવાસ:- દક્ષિણાયન

- વિવેચન:- અર્વાચીન કવિતા, અવલોકના, સાહિત્યચિંતન
- પ્રકીર્ણ:- ચિદંબરા
- ચરિત્ર:- શ્રી અરવિંદ મહાયોગી, સમર્ચના
- અનુવાદ:- ભગ્વદ્જ્જુકીય, મૃચ્છકટિક, કાયાપલટ, જનતા અને જન, સાવિત્રી, શ્રી અરવિંદ તથા માતાજીના પુસ્તકો
- વાર્તાકલા:- હીરાકણી અને બીજી વાતો, ખોલકી અને નાગરિકા, પિયાસી, ઉન્નયન વગેરે સુન્દરમ્ ના વાર્તાસંગ્રહો છે. કવિતા પછી વાર્તાઓનું સર્જન સુન્દરમ્ નું પ્રતિભાશાળી સર્જક તરીકે ધ્યાન ખેંચે છે. 'હીરાકણી અને બીજી વાતો'થી તેમની ટૂંકીવાર્તાની યાત્રા શરૂ થઈ. 'ખોલકી' વાર્તામાં જીવનની નક્કર વાસ્તવિકતાને રજૂ કરી સામાજીક ચેતનાને તેમણે મોટો આંચકો આપ્યો હતો. 'ખોલકી અને નાગરિકા'ની વાર્તાઓ 'ઉન્નયન'માં નવીન સ્વરૂપે રજૂ થઈ. છેલ્લે તેમણે તારિણી નામનો વાર્તાસંગ્રહ આપ્યો.
- કાવ્યકૃતિઓ:- તેમની પ્રથમ કાવ્યકૃતિ 'વડલાની ડાળ ઉપરના હીંચકા' આમોદની શાળાના હસ્તલિખિતમાં મૂકેલી. તેમનું કાવ્ય 'એકાંશ દે' એ 'મરીચિ'ના ઉપનામથી 'સાબરમતી' દ્વૈમાસિક માં ઇ.સ.૧૯૨૬ માં પ્રગટ થયેલું. પછી ઇ.સ.૧૯૨૮ માં એ જ પત્રમાં 'બારડોલીને' એ કાવ્ય 'સુન્દરમ્' નામથી પ્રસિધ્ધ થયું. ઇ.સ.૧૯૩૦ માં તેમની કવિપ્રજ્ઞાનું દ્યોતક 'બુધ્ધના ચક્ષુ' રચાયુ અને સુન્દરમ્ કવિ તરીકે પ્રખ્યાત થયા. 'સુન્દરમ્' તખલ્લુસ તેમણે ગાંધીજીની આત્મકથામાં આવેલા 'બાલાસુન્દરમ્' નામના ગિરમીટિયાના નામ પરથી રાખેલુ.

# રાજેન્દ્ર શાહ

| રાજેન્દ્ર શાહ | |
|---|---|
| **જન્મ** | 28 જાન્યુઆરી 1913<br>કપડવંજ, ભારત |
| **મૃત્યુ** | 2 જાન્યુઆરી 2010 (96 વયે) |
| **વ્યવસાય** | લેખક |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **માતૃસંસ્થા** | મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય |
| **સમયગાળા** | ૧૯૪૭-૨૦૦૩ |
| **નોંધનીય કાર્ય** | *શાંત કોલાહલ*<br>*વિષાદને સાદ* |

ટેટ.એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી કરવા www.tethtatguru.com ની નિયમિતિ મુલાકાત લેતા રહો.

Team Tet Htat Guru  Visit us at :: www.tethtatguru.com
ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

**રાજેન્દ્ર કેશવલાલ શાહ** (૨૮ જાન્યુઆરી ૧૯૧૩, કપડવંજ - ૨ જાન્યુઆરી ૨૦૧૦) ગુજરાતી કાવ્યસાહિત્યમાં અનુગાંધીયુગની સૌંદર્યાન્વિત સંપ્રાપ્તિ છે.ઉદાત્ત ભાવગર્ભ ઉપ્લબ્ધિ છે. ઉમાશંકર જોશીએ જે કવિઅઓ માં,સૌન્દર્યભિમુખ કવિની વાત પ્રહ્લાદ્ પારેખનાં'બારિ-બહાર'સંગ્રહ ની પ્રસ્તાવનામં કરી તે નવી કવિતા ના પ્રમુખ રાજેન્દ્રશાહ હતા.ડૉ.ધીરુ પરીખ રાજેદ્રશાહ્ ઉપર ના એક લઘુગ્રંથમમા માહિતી આપે છે કે વિલ્સનકોલેજના૧૯૩૩ના મુખપાત્ર 'વિલ્સોનિયન'મામ રમણ વકિલે તેમની પ્રથમ કાવ્યકૃતિ રજૂ કરી હતીઆજે એમની જીવનયાત્રા નવદાયકા પુરા કરીને દસમા દાયકામાં પ્રવેશે છે અને તેમની કાવ્યયાત્રા આનંદયત્રા બનીને સાતદાયકા પુરા કરે છે ત્યારે અએ સંસ્કાર કવિનુ અભિવાદન કરતા પ્રસન્નતા અનુભવાય છે. રાજેન્દ્રશાહનો જન્મ ૨૮જાનુઆરિ૧૯૧૩ના રોજ ખેડાના કપડવંજમાથયો હતો.તેમના પિતાનુ નામ કેશવલાલ્ અને માતાનુ નામ લલિતાબેન હતુ.તેઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કપડવંજમા લીધુ.૧૯૩૦મા તેઓ મેટ્રિકના વર્ગમા આવી પહોંચ્યા.સત્યાગ્રહના આન્દોલનમા ભાગ લેવા મેટ્રિકની પરીક્ષા ન આપી.તે વખતે નગર ની મધ્યમા આવેલા ટાવર ઉપર ચધી ફરકતા ધ્વજનુ સન્માન જાળવવા ધ્વજની સાથે નીચે કુદી પડ્યા.અહીં તેમની દેશપ્રીતીનો આપણને ખ્યાલ આવે છે.છ સન્તાનો સાથેનુ તેમનુ સુખી દંપત્ય જીવન હતુ.૧૯૫૧ સુધી તેઓ લાકડા કાપવા વાળી કંપની મા હતા. બાલ્યાવસ્થા દરમિયાન માતાએ આપેલા સંસ્કાર,સત્યાગ્રહનુ આંદોલમન,નોકરી નિમિત્તે થાણાનાજંગલોની પ્રકુતિનુ માણેલુચિત્ર તેમની સર્જનાત્મક પ્રવુતિમાપ્રેરક અને પોશક બની રહ્યા હતા. પુરસ્કાર તેઓને કુમાર ચંદ્રક(૧૯૪૭),રનણજીતરામ સુવર્ણ ચંદ્રક(૧૯૫૬),નર્મદ ચંદ્રક(૧૯૬૧),સાહિત્ય અકાદમી પુરસ્કાર(૧૯૬૪),નરસિંહ મેહતા પુરસ્કાર(૧૯૮૫)આ ઉપરાંત ૨૦૦૧મા તેમના કાવ્યસંગ્રહ ધ્વનિને પુરસ્કાર પણ મળ્યો છે. કાવ્યસંગ્રહો *ધ્વનિ* (૧૯૫૧), *આંદોલન* (૧૯૫૧), *શ્રુતિ* (૧૯૫૭), *મોરપિંછ* (૧૯૬૦), *ચિત્રણા* (૧૯૬૭), *વિશાદને સાદ* (૧૯૬૮), *ક્ષનણ જે ચિત્તરંજન* (૧૯૬૮), *મધ્યમા* (૧૯૭૮) એમ કુલ ૧૯ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે.

*ધ્વનિ* રાજેન્દ્રનોએ પ્રથમ કાવ્યસંગ્રહ૧૯૫૧મા પ્રગટ થયો હતો.ગીતો,સૉનેટ,અંછાદસ,સંવાદકાવ્યો મળીને કુલ ૧૦૮ કાવ્યોઅએમા સંગ્રહાયા છે.તેમના કાવ્યોમા પ્રકુતિપ્રેમ,પ્રણયભાવ,ચિંતન,પ્રેમ વગેરે આલેખાયા છે. વતન અને તેનિ આસપાસના સ્થળોઅએ નોકરિ નિમિત્તે થાણાના જંગલોની પ્રકુતિ અએમની કવિતાનું મહત્વનુ પ્રેરણાબળ બની રહી હતી.તેઓઅએ પ્રકુતિના સૌંદર્ય પર ઘણા કાવ્યો લખ્યા હતા જે નીચે મુજબ છે.

આ તે કે'વી રજની ?દિન્ વા?-બેઉ થી અએ નિરાળી. અએનિ તેજોમય રીત શી અંધારને રહે ઉજાળી. ઉંચા નીંચા પુર ભવન,કંસાર,ને જાડ પેલા. દીથેલા તે અદીથ સમ લાગે,અરુપે રસેલા.

આછા એવાશબનમ ઝીણા વસ્ત્ર આચ્છાદનેથિ. સોહિ રે'તું અરુન-ધ્રુત-લાવણ્ય એનુ અપાર.

ચૈતર નુ આભ સાવ સુનુ સુનુ ને તોય. .કંઇથી કોકિલ બોલિ રે લોલ.

વનની વનરાઇ બધી નવલીતે કુંપળે. દખ્ખણ નો વાયરો દોલે રે લોલ.

ત્યાંથી પંકમહ્શીધણ સુસ્ત બેસે. દદુર જેનિ પીથ પર રમતા નિરંતે.

પ્રકુતિ ઉપરાંત પ્રત્યભાવનિ અનુભુતિ રાજેન્દ્રનીકવીતાનો મુખ્ય ભાવ છે. પ્રેમમા મુગ્ધ ,સુકુમાર આલેખન માં કવીની પ્રતિભ ખીલિ છે.ઉલ્લસ થી ગવાયેલ તે ગીતોમા સમુહ્જીવન,પ્રસન્નતા,ત્રુપ્તિ નો અનુભવ થાય છે.છંદ અને લય,ભાવ અને કલ્પનાના ઉંડણમા શબ્દ ની નાજુક પીંછી કવીની કવિતા ને ચીરયશ આપે છે.કવિએ પોતે 'સંકલિત કવિતા'એવોતેમનો ઘણી કાવ્યો સમવતો સંકલન આપ્યો છે.

ટેટ.એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી કરવા www.tethtatguru.com ની નિયમિતિ મુલાકાત લેતા રહો.

Team Tet Htat Guru  Visit us at :: www.tethtatguru.com

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com  ની મુલાકાત લો.

પરંપરિત છંદો કાવ્યોને નુતન વ્યક્તિત્વ આપેછે.જીવનની સંવાદી દ્રશ્તિ કાવ્ય પ્રસન્ન ભવચિત્રો આપવામા સફળ નીવડી છે.તસ્મન્-તદ્ભવ શબ્દો,વર્ણસંયોજન,નવીન સમાન્ રચનઓવગેરે કવી ને કવ્યસર્જક તરીકએ થારવે છે.કવીશ્રીએ પોતનુ શેશ જીવન કપડવંજમા સાહિત્યની સેવા કરીને વીતાવ્યુ.૨૧જાન્યુઆરિ૨૦૧૦ ના રોજ તેઓએ પોતાના જીવનનો અંતિમ શ્વાસ લીધો.

કર્તા પરિચય: રાજેન્દ્ર કેશવલાલ શાહ, 'રામ વૃંદાવની' (૨૮-૧-૧૯૧૩): કવિ. જન્મ વતન અને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ કપડવંજમાં. શાળા શિક્ષણ દરમ્યાન અંબુભાઈ પુરાણીની વ્યાયામપ્રવૃત્તિમાં અને ૧૯૩૦માં અસહકારની લડતમાં જોડાયા. ૧૯૩૨માં મેટ્રિક. ૧૯૩૪માં વડોદરા કૉલેજમાં જોડાઈ ૧૯૩૭માં ફિલસૂફી વિષય સાથે બી.એ. અમદાવાદની શાળામાં નોકરી. પછી ૧૯૪૨ સુધી જ્યોતિસંઘમાં કામ કર્યું. ત્યારબાદ અમદાવાદમાં મોદીખાનાની દુકાન. ૧૯૪૫માં મુંબઈ જઈ જંગલોમાં લાકડાં કાપવાનો કોન્ટ્રાક્ટ રાખતી કંપનીમાં નોકરી. ૧૯૫૧થી ૧૯૫૫ સુધી કાગળનો વેપાર. ૧૯૫૫માં 'લિપિની પ્રિન્ટરી' નામના પ્રેસનો પ્રારંભ. ૧૯૪૭નો કુમારચંદ્રક, ૧૯૫૬નો રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૬૪નો સાહિત્ય અકાદમીનો પુરસ્કાર. ૧૯૭૦થી નિવૃત્ત જીવન અને વતનમાં નિવાસ. ૧૯૯૨માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'ગૌરવ પુરસ્કાર', ૧૯૯૯માં મૂર્ધન્ય સાહિત્યકાર સન્માન, તેમ જ નરસિંહ મહેતા ગૌરવ પુરસ્કાર. ૨૦૦૧માં ભારતીય જ્ઞાનપીઠ એવૉર્ડથી સન્માનિત.

અનુગાંધી યુગના સ્તંભ સમા પ્રતિભાશાળી કવિ છે. એમનો કાવ્યરાશિ વિપુલ છે તેમ સત્ત્વશાળી પણ છે. એમની કવિતામાં પ્રધાન ગુણ માધુર્ય છે. ઉચિત પ્રતીક – કલ્પનોનો વિનિયોગ, ભાષાની સુઘડતા, શબ્દોની ચારુતા, છંદ – અલંકારલય – પ્રાસાદિનું સૂઝભર્યું નિયોજન તથા કાવ્યબાનીનું સુદૃઢ રેશમી પોત એમની કવિતાને કલાત્મક રૂપ આપે છે. પ્રણય, પ્રકૃતિ, જીવનચિંતન અને આધ્યાત્મભાવ એમની કવુતાના મુખ્ય વિષયો છે. એમની સમગ્ર કવિતાનો પ્રધાન સૂર જીવનમાંગલ્યનો છે.

2001 - જ્ઞાનપીઠ – દિલ્હી એવોર્ડ મેળવનાર ત્રીજા ગુજરાતી સાહિત્યકાર રાજેન્દ્ર શાહ શ્રેણીમાંના બધા પોસ્ટ (કક્કાવાર), સંપૂર્ણ પોસ્ટ માટે ક્લીક કરો.♣ 1994 - નરસિંહ મહેતા એવોર્ડ મેળવનાર પ્રથમ કવિ ♣ 1993- ગુજરાત સાહિત્ય પરિષદનો એવોર્ડ ♣ 1985 - ભારતીય ભાષા પરિષદ પુરસ્કાર ♣ 1973 – નર્મદ ચન્દ્રક ♣ 1964 – સાહિત્ય એકેડેમી એવોર્ડ ♣ 1947 – કુમાર ચન્દ્રક ♣ સંકલિત કવિતા - સમગ્ર કવિતા ; નિરૂદ્દેશે – જયંત પાઠક દ્વારા સંપાદિત કાવ્યસંગ્રહ સન્માન ♣ અનુવાદ – બાળક – રવીન્દ્રનાથ ટાગોર, ગીત ગોવિન્દ – જયદેવ , Rhyme of Ancient Mariner – Coleridge, Divine Comedy – Dante ♣ કવિતા – ધ્વનિ, આંદોલન, શ્રુતિ, શાંત કોલાહલ, ચિત્રણા, ક્ષણ જે ચિરંતન, વિષાદને સાદ, મધ્યમા, ઉદ્ ગીતિ, દક્ષિણા, પત્રલેખા, પ્રસંગ સપ્તક, પંચપર્વા, કિંજલ્કિની, વિભાવન ♣ તેમની રચનાઓમાં રવીન્દ્રનાથની ઘણી અસર છે. કવિતાના બધા પ્રકારોમાં પ્રદાન મુખ્ય રચનાઓ - 20 થી વધારે ♣ તેમની ઘણી કવિતાઓ જાણીતા સંગીતકારો દ્વારા લયબધ્ધ થયેલી છે. ♣ શેષ જીવન કપડવંજ માં અધ્યાત્મ અને સાહિત્ય સેવામાં ♣ 1993- ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ ♣ 1971 – પ્રિંટિંગ પ્રેસમાં આગ લાગતાં કામકાજ પુત્રને સોંપી કપડવંજ પરત આવ્યા ♣ 1969 – ગંભીર માંદગીમાં પટકાયા બાદ છ મહીના પથારીવશ રહ્યા. ♣ તેમના પ્રેસમાં રવિવારે મળતી કાવ્ય સભાએ ઘણા કવિઓને ઉત્તેજન આપ્યું છે. ♣ 1951 – મુંબાઇમાં પ્રિંટિંગ પ્રેસની શરૂઆત ♣ મુંબાઇમાં લાકડાના વેપારીને ત્યાં કામ કરતાં ઘણો સમય થાણાના જંગલોમાં વિતાવ્યો , આ સમયમાં તેઓ પ્રકૃતિની ઘણી નજીક આવ્યા ♣ 1945 - અમદાવાદની કરિયાણાની દુકાન છોડી મુંબઇ ગયા ♣ 1930 – મેટ્રિકનું ભણતર અધુરું મુકી દાંડી કૂચમાં જોડાયા ♣ વડોદરામાં ભણતરની સાથે બંગાળી ભાષા પાડોશી પાસેથી શીખ્યા ♣ 2 વર્ષની ઉંમરમાં પિતાનું અવસાન ♣ મુંબાઇમાં પ્રેસ અને – 'કવિલોક' દ્વિમાસિકનું પ્રકાશન જીવન ઝરમર ♣ મુંબાઇમાં પહેલાં લાકડાના વેપારીને ત્યાં નોકરી ♣ અમદાવાદમાં કરીયાણાની અને પછી કોલસાની દુકાનમાં વેપાર ♣ બી.એ. ( મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી, વડોદરા ) વ્યવસાય ♣ માતા – ; પિતા – કેશવલાલ શાહ અભ્યાસ ♣

ટેટ.એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી કરવા www.tethtatguru.com ની નિયમિતિ મુલાકાત લેતા રહો.

## કાવ્યગ્રંથ

- *ધ્વનિ*
- *આંદોલન*
- *શાંત કોલાહલ*
- *ચિત્રણા*
- *વિષાદને સાદ*
- *ક્ષણ જે ચિરંતન*
- *મધ્યમા*
- *ઉદ્ગતિ*
- *દક્ષિણા*
- *પત્રલેખા*

# નિરંજન ભગત

| નિરંજન ભગત | |
|---|---|
| **જન્મ** | ૧૮ એપ્રિલ, ૧૯૨૬<br>અમદાવાદ, બોમ્બે પ્રેસિડેન્સી, બ્રિટિશ ભારત |
| **વ્યવસાય** | કવિ<br>નિબંધકાર<br>સાહિત્યકાર<br>સંપાદક |
| **ભાષા** | ગુજરાતી, અંગ્રેજી |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **વંશીયતા** | ભારતીય |

| | |
|---|---|
| **નાગરિકતા** | ભારતીય |
| **નોંધનીય કાર્ય** | *ગુજરાતી સાહિત્ય-પૂર્વાધ ઉત્તરાર્ધ* |
| **મુખ્ય પુરસ્કારો** | સાહિત્ય અકાદમી પુરસ્કાર |
| **સહી** |  |

**નિરંજન નરહરિભાઈ ભગત** (જન્મ: ૧૮ મે ૧૯૨૬) એ જાણીતા ગુજરાતી કવિ છે. તેઓનાં નગરજીવનનાં કાવ્યો એ સૌથી મોટું પ્રદાન છે.

## જીવન

તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ અમદાવાદની કાલુપુર શાળા નં. ૧માં અને માધ્યમિક શિક્ષણ પ્રોપ્રાઇટરી તથા નવચેતન હાઈસ્કૂલમાં. ૧૯૪૨ની સ્વાતંત્ર્યચળવળમાં અભ્યાસ છોડ્યો. ૧૯૪૪માં મૅટ્રિક. ૧૯૪૪-૪૬ દરમિયાન અમદાવાદની એલ.ડી. આર્ટસ કૉલેજમાં બે વર્ષનું શિક્ષણ લઈ ૧૯૪૮માં મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી એન્ટાયર અંગ્રેજી વિષય સાથે બી.એ. ફરી એલ.ડી. આર્ટસ કૉલેજમાં દાખલ થઈ અંગ્રેજી મુખ્ય અને ગુજરાતી ગૌણ વિષયોમાં ૧૯૫૦માં એમ.એ. ૧૯૫૦થી ૧૯૮૬સુધી અમદાવાદની વિવિધ આર્ટસ કૉલેજોમાં અંગ્રેજીના અધ્યાપક તથા વિભાગીય અધ્યક્ષ. પછીથી નિવૃત્ત. ૧૯૫૭-૫૮માં સંદેશ દૈનિકના સાહિત્યવિભાગના સંપાદક. ૧૯૭૭માં *ગ્રંથ* માસિકનું સંપાદન. ૧૯૭૮-૭૯માં ત્રૈમાસિક *સાહિત્ય*ના તંત્રી.

## સર્જન

*છંદોલય* (૧૯૪૭) નાગરી ગુજરાતી લિપિમાં ગુજરાતી કવિતાનો નવો વળાંક સૂચવતો તથા માંજેલી ભાષાનો અને ચુસ્ત પદ્યબંધનો અનોખો આસ્વાદ આપતો કાવ્યસંગ્રહ છે. *કિન્નરી* (૧૯૫૦) ગીતસંગ્રહ છે. 'રે આજ અષાઢ આયો' કે 'હરિવર મુજને હરી ગયો' જેવી પ્રસિદ્ધ ગીતરચનાઓ આપતો આ સંચય પ્રણય-અજંપાની વિવિધ મુદ્રાઓ ને સ્થાયી ભાષાકલેવરો ધરતો જોવાય છે. *અલ્પવિરામ* (૧૯૫૪) મુંબઈનાં સ્થળ, કાળ અને પાત્રોની પચીસ કૃતિઓનો સંગ્રહ છે. વળી, 'શ્વેત શ્વેત' કે 'દિન થાય અસ્ત' જેવાં અપૂર્વ છાંદસ ગીતો પહેલીવાર અહીં નજરે ચડે છે. *છંદોલય* (સંવ. આવૃત્તિ, ૧૯૫૭) પૂર્વેના ત્રણે સંગ્રહોમાંથી ચૂંટેલાં કાવ્યો તથા 'સંસ્કૃતિ'માં પ્રગટ થયેલાં અન્ય પ્રકીર્ણ કાવ્યોનો સંગ્રહ છે. ઉપરાંત, મુંબઈ વિશેનાં કાવ્યોનો ગુચ્છ 'પ્રવાલદ્વીપ' નામે અહીં અંતે આપ્યો છે. 'પ્રવાલદ્વીપ' કાવ્યજૂથ કવિના મુંબઈ મહાનગરમાં વસવાટ દરમિયાનના પ્રબળ સંસ્કારોનો અભિનવ કલ્પનોમાં વિસ્ફોટ છે. પ્રશિષ્ટ રેખાઓ વચ્ચે ગોઠવાયેલી આ આધુનિક વિષયસામગ્રી સંવેદનસભર છે. નગરકવિતાનું ગુજરાતી ભાષામાં પ્રગટેલું આ સૌન્દર્ય નવું છે. *૩૩ કાવ્યો* (૧૯૫૮)માં મુંબઈના અનુભવોના વળગાડમાંથી કવિ આગળ વધે છે અને મનુષ્ય-મનુષ્ય વચ્ચેના સંબંધના પ્રદેશ તરફ વળે છે. અહીં મનુષ્યસંબંધ અંગેની શંકા અને શ્રદ્ધાની વૈકલ્પિક અનુભૂતિઓની તાણ જોવાય છે, તેમ છતાં લંબાયેલા હાથથી શરૂ થઈ, પ્રિયાસ્પર્શથી અમૃતભર્યા હાથ સુધીના યાત્રામાં શ્રદ્ધાનો અવાજ જ સર્વોપરિ રહે છે.

ટેટ.એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી કરવા www.tethtatguru.com ની નિયમિતિ મુલાકાત લેતા રહો.

Team Tet Htat Guru  Visit us at :: www.tethtatguru.com

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

*કવિતાનું સંગીત* (૧૯૫૩) લઘુલેખ છે. એમાં પ્રો. બ. ક. ઠાકોરની પદ્યરચનાની વિભાવનાના સંદર્ભમાં કવિતાના સંગીતનો શો અર્થ થાય એ સમજવાનો પ્રયત્ન છે. પ્રચલિત અર્થમાં અને કવિતાના સંદર્ભમાં સંગીતને સ્પષ્ટ કરી કવિતાના ગદ્ય અને સંગીતના સંબંધોને તપાસ્યા છે. 'આધુનિક કવિતા : કેટલાક પ્રશ્નો' (૧૯૭૨) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અને ભોળાભાઈ પટેલના પ્રશ્નોના ઉત્તરરૂપે લખાયેલું લખાણ છે. એમાં છેલ્લાં સવાસો વર્ષના વળાંકો ઉપરાંત આધુનિક કવિતાના વળાંકની ચર્ચા કરવામાં આવી છે અને ન્હાનાલાલના અપદ્યાગદ્યથી આધુનિક ગદ્યકવિતાની સિદ્ધિને તપાસવામાં આવી છે. અર્થનિરપેક્ષતા, સર રિયાલિસ્ટ અભિવ્યક્તિ જેવા પ્રશ્નોનો પણ અહીં પરામર્શ થયો છે. 'યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા' (પૂવાર્ધ, ૧૯૭૫)માં મૂળે વ્યાખ્યાનનો વિષય નિબંધના સ્વરૂપમાં વિસ્તર્યો છે ને નિબંધના કુલ સાત ખંડોમાંથી અહીં પ્રથમ પાંચ ખંડ પ્રસિદ્ધ થયા છે. યંત્રવિજ્ઞાનના તાત્વિક પ્રશ્નોથી માંડી યંત્રવિજ્ઞાનનો ઇતિહાસ અને ઔદ્યોગિક ક્રાંતિ સુધીના વિસ્તાર સાથે અહીં ગુજરાતી ભાષાની પાંચ ગદ્યપદ્યકૃતિઓને વિશ્લેષવામાં આવી છે. 'ન્હાનાલાલની ઊર્મિકવિતા' (૧૯૭૫) ઉપરાંત એમણે 'કવિતા કાનથી વાંચો' (૧૯૭૨), 'મીરાંબાઈ' (૧૯૭૬), 'કવિ ન્હાનાલાલની' (૧૯૭૭), 'ડબલ્યુ. બી. યિટ્સ' (૧૯૭૯) અને 'એલિયટ' (૧૯૮૧) જેવી પરિચયપુસ્તિકાઓ આપી છે.

*પ્રો. બ. ક. ઠાકોર અધ્યયનગ્રંથ* (અન્ય સાથે, ૧૯૬૯), 'સુંદરમ્ : કેટલાંક કાવ્યો' (૧૯૭૦) અને 'મૃદુલા સારાભાઈ-પ્રથમ પ્રત્યાઘાતઃ બાપુની બિહારયાત્રા' (૧૯૮૧) એમનાં સંપાદનો છે. એમણે 'ચિત્રાંગદા' (૧૯૬૫) અને 'ઑડેનનાં કાવ્યો' (અન્ય સાથે, ૧૯૭૬) જેવા અનુવાદો પણ આપ્યા છે. (- ચંદ્રકાન્ત ટોપીવાળા)

*છંદોલય– બૃહત્* (૧૯૭૪) *છંદોલય* (૧૯૪૯), *કિન્નરી* (૧૯૫૦), *અલ્પવિરામ* (૧૯૫૩), *છંદોલય* (૧૯૫૭), *૩૩ કાવ્યો* (૧૯૫૮) વગેરે કાવ્યસંગ્રહો ઉપરાંત ૧૯૫૮-૭૧ દરમિયાન રચાયેલી ત્રણેક રચનાઓનો સમાવેશ કરતો નિરંજન ભગતનો કાવ્યસંગ્રહ. અહીં પાંચમા અને છઠ્ઠા દાયકા દરમિયાનની સૌંદર્યાનુરાગી કવિતાનો પ્રબળ ઝોક છે, તો સાથે સાથે, પછીથી સાતમા દાયકામાં વિકસનાર આધુનિક કવિતાનો અણસાર પણ છે. અભિવ્યકિતમાં ઘાટીલો કલાકસબ અને સભાન કારીગરી છે. છંદ અને લયની મનોહર મુદ્રાઓ છે. પ્રાસ-અનુપ્રાસની ચુસ્તતા છે. મુગ્ધ ભાવોદ્રેક અને સ્વપ્નશીલ માનસની રંગરાગિતાના સુઘડ અને પ્રશિષ્ટ આવિષ્કારો છે. કાન્ત-ન્હાનાલાલની ભાવઘનતા અને બ. ક . ઠાકોરની અર્થઘનતાનું સમન્વિત રસાયણ કવિતાને મૂર્ત સંવેદનીલતા અર્પે છે. છાંદસ ગીતો ને સ્થાપત્યપૂર્ણ સૉનેટોમાં કવિનો વિશેષ ઉન્મેષ છે. અહીં મુખ્ય સૂર મિલનના ઉલ્લાસ કરતાં વિરહના વિષાદનો છે. 'રે આજ આષાઢ આયો' ઉત્તમ ગીતરચના છે. આ જ સંગ્રહમાં આધુનિક ભાવમુદ્રામાં રિક્તતા, એકવિધતા, શૂન્યતા અને નિરર્થકતાને ઉપસાવતાં કાવ્યો પણ છે. કટાક્ષ અને વ્યંગ એની તીવ્ર ધારો છે. મુંબઈ નગર પરના 'પ્રવાલદ્વીપ' કાવ્યસમૂહમાં નગરસંસ્કૃતિની યાતનાને નિરૂપતી વેળાએ આ કવિ બોદલેરની જેમ નગરનો નિવાસી નથી પણ એમાં આગન્તુક છે, ને તેથી 'પુચ્છ વિનાની મગરી' ને જોવા બહારથી ઊપડે છે. નગરનું સીમેન્ટ-કાચ-કાંકરેટના આધુનિક અરણ્યરૂપે દર્શન, મ્યુઝિયમમાં સિંહની પ્રત્યક્ષ થતી પ્રતિકૃતિ, ઍક્વેરિયમમાં સાંકડી નઠોર જડ સૃષ્ટિનો માછલી દ્વારા સામનો, ફોકલૅન્ડ રોડ પર સ્નેહલગ્નનું ઊભું થતું નગ્નસ્વરૂપ, ચર્ચગેટથી લોકલમાં થતો અનુભવ-આ બધું સ્થળ, પરિસ્થિતિ અને પાત્રોના માધ્યમે સંવેદનરૂપે ઊતર્યું છે. સ્વરૂપગત નહીં, પણ મુખ્યત્વે વિષયલક્ષી પ્રયોગલક્ષિતાના આધુનિક નમૂનાઓ અહીં રજૂ થયા છે.

*યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા* (૧૯૭૫) નિરંજન ભગતનો વિવેચનનિબંધ. આ નિબંધના કલ્પેલા કુલ સાત ખંડોમાંથી પૂર્વાર્ધ રૂપે પાંચ ખંડોને વસ્તુવિષયની એકતા જળવાય એ રીતે લીધેલા છે. ટેક્નોલૉજિક્લ યુગમાં કવિતાની મૂલ્યવિચારણાનો અહીં ઉપક્રમ છે. ઔદ્યોગિક મનુષ્ય, ઔદ્યોગિક સમાજ, ઔદ્યોગિક સંસ્કૃતિ અને ઔદ્યોગિક યુગના સંદર્ભમાં કવિતાના સ્થાનને તપાસવાનો ઉદ્દેશ છે. આ તપાસમાં દલપતરામકૃત 'હુન્નરખાનની ચઢાઈ', ગાંધીજીકૃત 'હિન્દસ્વરાજ', રણજિતરામની વાર્તા 'માસ્તર નંદનપ્રસાદ',

ટેટ.એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી કરવા www.tethtatguru.com ની નિયમિતિ મુલાકાત લેતા રહો.

બળવંતરાય ઠાકોરકૃત 'ઇતિહાસદિગ્દર્શન'નો ત્રીજો ખંડ અને ઉમાશંકરની સૉનેટમાલા 'આત્માનાં ખંડેર'-એ ગુજરાતી ભાષાની પાંચ ગદ્યપદ્યકૃતિઓનું મિતાક્ષરી વિશ્લેષણ અને વિવેચન થયું છે. વિશદતા અને અભિનિવેશ આ નિબંધનાં બે મહત્વનાં લક્ષણો છે.

## પુરસ્કાર

- ૧૯૪૯ - કુમાર સુવર્ણ ચંદ્રક
- ૧૯૫૭ - નર્મદ ચંદ્રક
- ૧૯૬૯ - રણજિતરામ સુવર્ણચંદ્રક
- ૧૯૯૮ - પ્રેમચંદ સુર્વણ ચંદ્રક
- ૧૯૯૯ - સાહિત્ય અકાદમી પુરસ્કાર
- ૨૦૦૦ - સચ્ચિદાનંદ સન્માન
- ૨૦૦૧ - નરસિંહ મહેતા પુરસ્કાર

# પ્રિયકાંત મણિયાર

**આ નભ ઝૂક્યું તે કાનજી , ને પોયણી તે રાધા રે !** ના રચનાકાર

**પ્રિયકાંત મણિયાર** ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર હતા. એમણે કવિ તરીકે ગુજરાતી ભાષાને અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમનો જન્મ ૨૪ જાન્યુઆરી, ૧૯૨૭ ના રોજ વિરમગામ, જિ. અમદાવાદ ખાતે થયો હતો. તેમણે ફક્ત ૯ ધોરણ સુધી કરેલો. તેમનું અવસાન ૨૫ જૂન, ૧૯૮૫ના રોજ અમદાવાદ ખાતે થયું હતું.

## કાવ્યગ્રંથો અને સન્માન

- કાવ્યગ્રંથો: પ્રતીક, અશબ્દ રાત્રિ, સ્પર્શ, સમીપ, પ્રબલ ગતિ,વ્યોમલિપિ, લીલેરો ઢાળ.

- સન્માન: ૧૯૮૨ – સાહિત્ય અકાદમી – દિલ્હીનો પુરસ્કાર

## સવિશેષ પરિચય

**મણિયાર પ્રિયકાંત પ્રેમચંદ (૨૪-૧-૧૯૨૭, ૨૫-૬-૧૯૭૬) : કવિ.** જન્મ વિરમગામમાં. વતન અમરેલી. નવ ધોરણ સુધીનો અભ્યાસ. પોતાના જાતિગત વ્યવસાયની સાથોસાથ કાવ્યલેખન. કુમાર સુવર્ણચંદ્રક ઉપરાંત ૧૯૭૨-૭૩નું ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક. અમદાવાદમાં અવસાન.

'કુમાર'ની બુધસભામાં મકરન્દ-નિરંજન આદિ કવિમિત્રોના સંપર્કે એમની કાવ્યભાવના કેળવાઈ અને કાવ્યસંગ્રહ 'પ્રતીક' (૧૯૫૩) પ્રગટ થયો. એમાં વિવિધ છંદો પરનું પ્રભુત્વ ધ્યાનાકર્ષક છે, તેમ માત્રામેળ છંદોનું અભ્યસ્ત સ્વરૂપ કથયિતવ્યને અનુરૂપ ખીલવવાની ફાવટ પણ અસાધારણ છે. મત્તયૌવનોર્મિનો છાક એમનાં લયમધુર ગીતોમાં તરવરે છે, તો ઊર્મિરસિત વિચારરમણા એમની કૃતિઓનું મુખ્ય લક્ષણ બની રહે છે. 'પ્રતીક'નું બળકટ અંગ છે માનવવાદથી અનુપ્રાણિત થયેલી

યથાર્થલક્ષી રચનાઓ. 'એક ગાય' આનું ઉત્તમ ઉદાહરણ છે. સોળ રચનાઓ ધરાવતો સંગ્રહ 'અશબ્દ રાત્રિ' (૧૯૫૯) કાવ્યબાની અને કાવ્યવિષયની દ્રષ્ટિએ સર્વથા નવીન છે. 'પ્રતીક'ની જેમ 'અશબ્દ રાત્રિ'માં પણ કવિની ઉત્કટ સંવેદનશક્તિ અને વિલક્ષણ કલ્પનકળાનો ઉત્તમ સમન્વય થયેલો જોવા મળે છે. 'સ્પર્શ' (૧૯૬૬)માં સંગૃહીત રચનાઓમાં અડધા ઉપરાંતની સંખ્યા ગીતોની છે. 'ઉચાટ', 'સાંજ સમાનો દીપ' ઉપરાંત વ્રજભૂમિની કૃષ્ણવ્યાપી ભાવલીલા પ્રકટ કરતાં ગીતોમાં કાવ્યત્વની પરાકાષ્ઠા જોવાય છે. એમાંની છંદોબદ્ધ રચનાઓ પણ સરસ છે. 'ક્યાં?' અને 'નદીકાંઠે હાથ' વિલક્ષણ કૃતિઓ છે. 'સમીપ' (૧૯૭૨)માં વૃત્તબદ્ધ રચનાઓ જૂજ છે અને અહીં ગદ્યકાવ્યો પહેલીવાર આવે છે. કવિના અમેરિકાપ્રવાસના ફલરૂપ કાવ્યોનો સંગ્રહ 'પ્રબલ ગતિ' (૧૯૭૪) મુખ્યત્વે ગદ્યકાવ્યોનો સંગ્રહ છે. 'એ લોકો' ઉત્તમ ગદ્યકાવ્ય છે. સામાજિક વિષમતાઓને લક્ષ્ય કરતો પ્રબળ લાગણીપ્રસ્ફોટ અહીં છે. 'વ્યોમલિપિ' અને 'લીલેરો ઢાળ' એમનાં મરણોત્તર પ્રકાશનો (૧૯૭૯) છે. આધુનિક મનુષ્યનાં સંકુલ સંવેદનો 'વ્યોમલિપિ'નાં કાવ્યોમાં ગૂંથાયાં છે, તો 'લીલેરો ઢાળ' સાદ્યંત લયમધુર ગીતરચનાઓથી સમૃદ્ધ છે. (-નલિન રાવળ)

**પ્રતીક (૧૯૫૩) :** પ્રિયકાન્ત મણિયારની ૧૯૪૮ થી ૧૯૫૩ સુધીમાં રચાયેલી પાંસઠ જેટલી રચનાઓને સમાવતો પ્રથમ કાવ્યસંગ્રહ. એમાં બાવીસ જેટલાં ગીતો છે. રચનાઓના નૈસર્ગિક આવિષ્કારમાં અપૂર્વ તાજગી, પ્રતીકાત્મક લાઘવ અને મુગ્ધકર વ્યંજકતા છે. વિસ્મય અને વિષાદના ભાવનિરૂપણ સાથે વિવિધ છંદોનું પ્રાધાન્ય અને સુઘડ રચનાવિધાન છે. પ્રશ્નાર્થચિહ્નો ને આશ્ચર્યચિહ્નો સાર્થક ઉપયોગ પણ છે. અહીં રાધાકેન્દ્રી ગીતોના ઊર્મિવિસ્ફોટમાં નવાં ભાવપ્રતીકો છે. 'કંચૂકીબંધ છૂટયા ને' અને 'ખીલા' જેવી છાંદસ રચનાઓ તેમ જ 'કૃષ્ણરાધા' અને 'શ્રાવણની સાંજનો તડકો' જેવી ગીતરચનાઓ અત્યંત લોકપ્રિય નીવડી છે. (-ચંદ્રકાન્ત ટોપીવાળા)

**સ્પર્શ (૧૯૬૬) :** પ્રિયકાન્ત મણિયારનો બ્યાસી રચનાઓને સમાવતો કાવ્યસંગ્રહ. એમાં ત્રીસ ગીતો છે. કવિની શરૂ શરૂની રચનાઓમાં સ્વાભાવિકતા અને સાહજિકતાને સ્થાને પ્રમાણમાં આયાસ વધુ છે. કાવ્યપ્રતીકો ક્યારેક કલ્પન-કોટિની કક્ષાએ રહી જાય છે, ક્યારેક શબ્દ-સંયોજનો તરડાયેલાં જોવાય છે, અને વિષયનો સમન્વય ઓછો સધાયો છે; તેમ છતાં કવિના અવાજનું નોખાપણું અળપાયું નથી. આ કારણે 'સંયોગ', 'ક્યાં?', 'સમયનું સોનું', 'ફૂલનો પવન લોચન મારે વાયો' જેવી માતબર રચનાઓ આ સંગ્રહમાં સાંપડી છે. (-ચંદ્રકાન્ત ટોપીવાળા)

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

# હરીન્દ્ર દવે

## હરીન્દ્ર જયંતીલાલ દવે



હરીન્દ્ર દવે

| | |
|---|---|
| **જન્મની વિગત** | ૧૯ સપ્ટેમ્બર, ૧૯૩૦<br>ખંભરા, ગુજરાત, ભારત |
| **મૃત્યુની વિગત** | ૨૯ માર્ચ, ૧૯૯૫<br>મુંબઇ |
| **રહેઠાણ** | મુંબઇ, |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **નાગરીકતા** | ભારતીય |
| **અભ્યાસ** | બી.એ., એમ.એ. |
| **વ્યવસાય** | લેખક, કવિ, પત્રકાર |
| **સક્રિય વર્ષ** | ૧૯૪૮ થી ૨૯ માર્ચ ૧૯૯૫ |
| **ધર્મ** | સર્વ ધર્મ સમભાવ |

**દવે હરીન્દ્ર જયંતીલાલ** (જન્મ: ૧૯ સપ્ટેમ્બર, ૧૯૩૦, મૃત્યુ: ૨૯ માર્ચ, ૧૯૯૫) નો જન્મ ખંભરા, કચ્છમાં થયો હતો. તેઓ જાણીતા કવિ, નવલકથાકાર, નિબંધકાર હતા.

# જીવન

## અભ્યાસ

૧૯૫૧માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ. અને ૧૯૬૧માં એમ.એ. નો અભ્યાસ તેમણે કર્યો હતો.

## વ્યવસાય

૧૯૫૧ થી ૧૯૬૨ દરમિયાન 'જનશક્તિ' દૈનિક. ૧૯૬૨ થી ૧૯૬૮ સુધી 'સમર્પણ' ના સંપાદક. ૧૯૬૮ થી ૧૯૭૩ સુધી યુસિસની મુંબઈ ઑફિસમાં ગુજરાતી વિભાગના તંત્રી. ૧૯૭૩ માં ફરી જનશક્તિમાં જોડાયા મુખ્ય તંત્રી તરીકે અને ત્યાર બાદ જન્મભૂમિ પ્રવાસી અને જન્મભૂમિ- પ્રવાસી નાં મુખ્ય તંત્રી તરીકે અંતિમ દિવસ સુધી કાર્યરત રહ્યા.

# સાહિત્ય

તેઓ મુખ્યત્વે, ગીતકાર અને ગઝલકાર છે. પ્રણય-મસ્તી અને વેદના, ખુમારીનાં સંવેદનોથી રસાયેલી એમની ગઝલો છંદ-લય અને ભાવભાષાની સંવાદિતાથી સફાઈદાર છે. 'આસવ' (૧૯૬૧) અને 'સમય' (૧૯૭૨) એમના ગઝલસંચયો છે. એમનું ઉત્તમ કવિત્વ રાધા અને કૃષ્ણ વિષયક ગીતોમાં તથા પ્રેમવિરહના ભાવસંવેદનને અભિવ્યક્ત કરતાં અન્ય ગીતોમાં રહેલું છે. 'ફૂલ કહે ભમરાને ભમરો વાત વહે ગુંજનમાં/ માધવ ક્યાંય નથી મધુવનમાં' કે 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં....' જેવાં ગીતો લોકપ્રિય એટલાં જ કાવ્યત્વપૂર્ણ છે. એમનાં ગીતોમાં લયહલક અને ભાવમાધુર્ય છે. 'મૌન' (૧૯૬૬)માં બહુધા ઉત્તમ ગીતો સંચિત છે. સુરેશ દલાલે 'હયાતી' (૧૯૭૭) નામે કરેલા સંપાદનમાં બીજી નોંધપાત્ર રચનાઓ ગ્રંથસ્થ થઈ છે. એમણે છાંદસ કાવ્યો પણ લખ્યાં છે. 'અર્પણ' (૧૯૭૨)માં એમની મુક્તક કવિતા ગ્રંથસ્થ થયેલી છે. અછાંદસ અને લયબદ્ધ કવિતા પણ એમણે રચી છે. સાંપ્રત જીવનની એકલતા કે વ્યથાને અને વિષાદ કે વિરૂપતાને વાચા આપતી એમની દીર્ઘ રચનાઓ 'સૂર્યોપનિષદ' (૧૯૭૫)માં સંગૃહીત છે. એમણે પ્રયોગશીલતા કે આધુનિકતાની પરવા વિના પોતાના મનમાં આવ્યું તેને પોતાની કળાની ભૂમિકાએ અભિવ્યક્તિ આપી છે. અન્યોના સહયોગમાં 'નજરું લાગી' જેવાં અને કવિતનાં અન્ય સંપાદનો પણ એમણે કર્યાં છે.

એમની પહેલી નવલકથા 'અગનપંખી' (૧૯૬૨) છે. પણ એમને આધુનિક નવલકથાકારોની પંગતમાં બેસાડનાર પ્રયોગશીલ અને વિશિષ્ટ નવલકથા 'પળનાં પ્રતિબિંબ' (૧૯૬૬) છે. વિદ્વદભોગ્ય આ કૃતિમાં પ્રણય અને તજ્જન્ય વેદનાનાં વ્યંજનાપૂર્ણ ચિત્રણો છે અને એમાં એકાધિક પાત્રયુગ્મોને મૂકીને લેખકે સંરચનાનો વિશિષ્ટ પ્રયોગ સિદ્ધ કર્યો છે. ૧૯૬૮માં પ્રગટ થયેલી 'અનાગત' નલકથાનું કાઠું લઘુનવલનું છે. પ્રણય ને વેદનાસભર એકલતાને જીવતાં-જીરવતાં બે પાત્રોની આ કથામાં અન્ય પાત્રોની જીવનચેતના પણ સરસ નિરૂપણ પામી છે. કૃતિનાં રચનાવિધાન અને ભાષા કવિ હરીન્દ્રનો નોખો પરિચય કરાવી રહે છે. એમની અત્યંત સફળ કૃતિ 'માધવ ક્યાંય નથી' (૧૯૭૦) છે. અહીં નારદની કૃષ્ણશોધ વર્ણવાઈ છે, જે હકીકતમાં આપણા યુગના પ્રત્યેક માનવીની કૃષ્ણશોધ બની રહે છે. પુરાકલ્પનો આવો સરળ રીતે થયેલો છતાં ધ્વનિમય ઉપયોગ ધ્યાન ખેંચે છે.

એમની નવલકથાઓમાં મહદંશે વર્તમાન યુગનાં સ્ત્રી-પુરુષોની સંવેદનજન્ય સમસ્યાઓ આકારિત થઈ છે. એમની કેટલીક નવલોમાં વર્તમાન જીવનની સમસ્યાઓ પણ પછીથી વર્ણવાઈ છે. આ પ્રકારની કૃતિઓ 'સુખ નામનો પ્રદેશ' (૧૯૭૬) થી પ્રારંભાઈ છે. 'સંગ-અસંગ' (૧૯૭૯)માં સાધુસંતોના આંતરજીવનના પ્રશ્નોનાં ચારુ આલેખનો મળે છે; 'લોહીનો રંગ લાલ' (૧૯૮૧) સમસ્યાને કથીને અટકી જાય છે; 'ગાંધીની કાવડ' (૧૯૮૪)માં સાંપ્રત રાજકારણ ઉપર કટાક્ષ છે. આમ, એમની કૃતિઓમાં વિષય અને નિરૂપણનું વૈવિધ્ય છે. એ કશા ચોકઠામાં બદ્ધ રહેનારા લેખકોમાંના નથી. જીવનની વાસ્તવિકતાને નવલકથામાં કળાત્મક અભિવ્યક્તિ આપવામાં એમને ઠીકઠીક સફળતા મળી છે.

'યુગે યુગે' (૧૯૬૯) એમનું દીર્ઘ નાટક છે. 'કવિ અને કવિતા' (૧૯૭૧) કવિતાના આસ્વાદનું પુસ્તક છે. 'ગાલિબ' (૧૯૬૯), 'દયારામ' (૧૯૬૫), 'મુશાયરાની કથા' (૧૯૫૯), 'સ્વામી નારાયણ સંપ્રદાય' (૧૯૭૦) જેવી પુસ્તિકાઓ પરિચયાત્મક છે. 'ઉમાશંકર જોશી' (૧૯૮૬) ગુજરાતી ગ્રંથકાર શ્રેણીનું એમનું પુસ્તક છે.

'કૃષ્ણ અને માનવ સંબંધો' (૧૯૮૨)માં એમણે કૃષ્ણસંબંધે માનવીય ચિંતન પેશ કર્યું છે. અહીં એમની દ્રષ્ટિમાં દર્શન અને વિચારોમાં વિસ્તૃત સમજણ દેખાય છે. 'નીરવ-સંવાદ' (૧૯૮૦)માં એમના ચિંતનલેખો છે. 'વેરાતું સ્વપ્ન ઘુંટાતુ સત્ય' (૧૯૮૧)માં વર્તમાનપત્રી લેખોનો સંચય છે. 'શબ્દ ભીતર સુધી' (૧૯૮૭) નિબંધસંગ્રહ છે. 'મધુવન' (૧૯૬૨) એમનું ગઝલ-સંપાદન છે.

'પિંજરનું પંખી', 'ધરતીનાં છોરું', 'ચરણ રુકે ત્યાં', 'વાદળ વરસ્યાં નહિ'- આ ચાર અનુવાદો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ઉતારેલી નવલકથાઓ રૂપે છે. અંગ્રેજીમાંથી એમણે કાવ્યાનુવાદો પણ કર્યા છે.

'માધવ ક્યાંય નથી' (૧૯૭૦): હરીન્દ્ર દવેની નવલકથા. અહીં દેહધારણથી દેહવિલય સુધીના કૃષ્ણ જીવન અને એમનાં કાર્યોનું આલેખન નારદની ભાવનાપ્રધાન દ્રષ્ટિથી થયું છે. કૃષ્ણના આંશિક રૂપ સમા નારદ પોતાની સમગ્રતારૂપી કૃષ્ણને પામવાનો પ્રયત્ન કરે છે તેમાં વર્તમાન જીવનમાં ખંડિત વ્યક્તિત્વ વડે અખંડ વ્યક્તિત્વને પામવાની જીવતા માણસની અભીપ્સા જોઈ શકાય. કૃષ્ણના જન્મની એંધાણી મળતાં જ તેમને મળવા નીકળતા નારદ દર વખતની જેમ થોડા મોડા પડે છે; અને અંતે કૃષ્ણે જીવનલીલા સંકેલી દીધી એ પછી જ તેમનાં દર્શન પામે છે. કૃષ્ણકથાના ચમત્કારોનું નિવારણ લેખકે કેટલાક ચમત્કારોને કથામાંથી ગાળી નાખીને, કેટલાકને બુદ્ધિગ્રાહ્ય ઘટનારૂપે નિરૂપીને, તો કેટલાકને ભાવનાશીલ પાત્રોની દ્રષ્ટિથી નિરૂપીને કર્યું છે. કૃતિની ભાષામાં કાવ્યાત્મકતાનો સ્પર્શ વર્તાય છે.

## સર્જન

- કવિતા - આસવ, મૌન, અર્પણ, સૂર્યોપનિષદ, હયાતી, સમય, ચાલ વરસાદની મોસમ છે (સમગ્ર કવિતાનો સંગ્રહ)
- નવલકથા - અગનપંખી, પળનાં પ્રતિબિંબ, માધવ ક્યાંય નથી, સંગ અસંગ, વસિયત, લોહીનો રંગ લાલ, અનાગત, સુખ નામનો પ્રદેશ, કૃષ્ણ અને માનવ સંબધો, મુખવટો, ગાંધી ની કાવડ, મોક્ષ, મોટા અપરાધી મહેલમાં.
- નાટક - યુગે યુગે, સંધ્યાકાળે પ્રભાતફેરી

- વિવેચન - દયારામ, ગાલીબ, કવિ અને કવિતા, મુશાયરાની કથા, ઇકબાલ, વિવેચનની ક્ષણો , કલમની પાંખે.
- નિબંધ - નીરવ સંવાદ, વેરાતું સ્વપ્ન ઘૂંટાતું સત્ય, શબ્દ ભીતર સુધી, ઇશ્વરની આંખનું આંસુ, કથાયાત્રા
- સંપાદન - મધુવન, કવિતા, મડિયાનું મનોરાજ્ય, શબ્દલોક
- ધર્મ - સ્વામિનારાયણ સંપ્રદાય, આધ્યાત્મિક કવિતા
- અનુવાદ - પિજંરનું પંખી, ધરતીના છોરું, જ્યોત સદા જલે, પરિનિર્વાણ, ચરણ રુકે ત્યાં, એકલની પગદંડી, વાદળ વરસ્યાં નહી, મરુભૂમિ, શૈશવા અને બીજી વાતો, કવિ અને કવિતા- ડેવિડ વેગનર અને વિલિયમ સ્ટેફર્ડ
- અંગ્રેજી - The Cup Of Love.

## પારિતોષિક

- ૧૯૭૮ - સાહિત્ય અકાદમી એવોર્ડ, દિલ્હી.
- ૧૯૮૨ - રણજિતરામ સુવર્ણચંદ્રક
- કબીર સન્માન -મધ્ય પ્રદેશ રાજ્ય સરકાર
- ગોએન્કા એવોર્ડ

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો.

www.tethtatguru.com

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.